# "એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ" થીમ આધારીત વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે



કમલમ્ ન્યુઝ,બીના પટેલ

લોકોમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવા માટે દર વર્ષે ૨૧ જૂનના રોજ "વિશ્વ યોગ દિવસ" ની ઉજવણી કરવામાં આવે છે, જેના ભાગરૂપે રાજ્ય-જિલ્લા-તાલુકા તેમજ ગ્રામ્ય કક્ષાએ કાર્યક્રમો યોજવામાં આવે છે.

આ વર્ષે "એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ" ની થીમ પર યોજનાર વિશ્વ યોગ દિવસ નિમિત્તે વલ્લભ વિદ્યાનગર સ્થિત શાસ્ત્રી મેદાન ખાતે જિલ્લા કક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. જેને ધ્યાને લઈ વિશ્વ યોગ દિવસની ઉજવણીના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેક્ટર શ્રી ડી.એસ. ગઢવીના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી.આ બેઠકમાં કલેકટરશ્રીએ યોગ દિવસની ઉજવણીનું સુચારૂ આયોજન થાય તે જોવાનું જણાવી, જિલ્લાકક્ષા ઉપરાંત તાલુકા, નગરપાલિકા અને ગ્રામ્ય કક્ષાએ યોગ દિનની ઉજવણી થાય અને તેમાં સામાજિક, ધાર્મિક, સ્વૈચ્છિક સંસ્થાઓ, વિવિધ એસોસીએશન, સહકારી મંડળીઓ, શાળાઓ, કોલેજો વગેરે પણ સહભાગી બને તેવું આયોજન કરવા જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ યોગ દિવસની ઉજવણીમાં ખેલકૂદ ક્ષેત્રે સિદ્ધિ મેળવેલ રમતવીરો જોડાય, સાથો-સાથ જિલ્લાના વિવિધ ધાર્મિક-સાંસ્કૃતિક પ્રવાસન સ્થળોએ ઉજવણી થાય તે જોવા તેમજ કાર્યક્રમના સ્થળે સેલ્ફી પોઈન્ટ ઊભા કરી વધુમાં વધુ લોકો ઉજવણીમાં સહભાગી બને તેવા આયોજનની સાથે યોગ માટે પસંદ કરેલા સ્થળે લાઈટ, બેઠક વ્યવસ્થા, સ્વચ્છતા, સ્ટેજ, પીવાનું પાણી વગેરે વ્યવસ્થાઓ સુચારૂ રૂપે થાય તે જોવા અનુરોધ કર્યો હતો. કલેક્ટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી વિદ્યાનગર સ્થિત શાસ્ત્રી મેદાન ખાતે કરવામાં આવનાર છે, આ કાર્યક્રમ બાદ રેડ ક્રોસ સોસાયટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ યોગ દિવસની લોકોમાં જાગૃતતા આવે તે માટે ૨૧ જૂન સુધી વિવિધ વિસ્તારોમાં સંસ્થાના સહયોગથી યોગના કાર્યક્રમો યોજાનાર છે, જે અંતર્ગત આંકલાવડી સ્થિત શ્રી શ્રી રવિશંકર મહારાજના આશ્રમ ખાતે આગામી તા. ૨૦ જૂનના સવારે ૦૮-૦૦ કલાકે કાર્યક્રમ યોજાશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિલિંદ બાપના નિવાસી અધિક કલેકટર શ્રી કેતકી વ્યાસ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા આણંદ જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

સંભવિત બિપરજોય વાવાઝોડા અંતર્ગત વાવાઝોડાની ગંભીરતાને ધ્યાને લેતા જે સરવડ ગામની આસપાસના વિસ્તારમાં આવેલા સગર્ભાબહેનો કે જેમની ડિલિવરીની તારીખ નજીક હોય એવા ૩ સગર્ભા બહેનોને સરવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે એડમિટ કરવામાં આવેલ હતા. જેમની સી.ડી.એચ.ઓ.શ્રી કવિતા દવે અને ટીએચઓ માળીયા દ્વારા મુલાકાત કરવામાં આવી હતી. આજે એ સગર્ભા બહેનોમાં થી ૧ બહેનની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સરવડના મેડિકલ ઓફિસરશ્રી ડો. નિરાલી ભાટીયા અને નર્સિંગ સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક નોર્મલ ડિલિવરી કરાવવામાં આવી હતી. જન્મ સમયનું બાળકનું વજન ૩.૬ કિગ્રા છે અને હાલ માતા અને બાળકની તબિયત તંદુરસ્ત છે.

# હળવદ પ્રાંત અધિકારીશ્રી હર્ષદીપ આચાર્યએ વર્ષામેડી ગામે પ્રાથમિક શાળા ખાતે સ્થળાંતરિત અસરગ્રસ્તોની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,મોરબી

બિપરજોય વાવાઝોડાના પગલે માળિયા તાલુકાના નીચાણ વિસ્તારના ગામો અને દરિયાકાંઠાના ગામોના લોકો તેમજ અગરિયાઓ અને મજૂરોને આસાપસ આવેલા સુરક્ષિત આશ્રય સ્થાનો ખાતે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. ત્યારે માળિયા તાલુકાના વર્ષામેડી ગામની આસપાસના નીચાણ વાળા ગામ અને વિસ્તારમાં આવેલા લોકોને વર્ષામેડી ગામે પ્રાથમિક શાળા ખાતે સ્થળાંતર કરવામાં આવ્યા છે. આ લોકોને આપવામાં આવતી વ્યવસ્થાઓનું વિશ્લેષણ કરવા અને આ લોકોને કોઈ સમસ્યા હોય તે જાણવા માટે હળવદ માળીયા પ્રાંત અધિકારીશ્રી હર્ષદીપ આચાર્યએ આ લોકોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન પ્રાંત



અધિકારીશ્રીએ અસરગ્રસ્તો સાથે વાતચીત કરી તેમના ખબર અંતર પૂછ્યા હતા. ઉપરાંત ત્યાં હાજર સ્થાનિક અધિકારીઓ/કર્મચારીઓ સાથે સ્થિતિની સમીક્ષા કરી અસરગ્રસ્તો માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી હતી. પ્રાંત અધિકારીશ્રીની ઉપસ્થિતીમાં અસરગ્રસ્તોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.



કમલમ્ ન્યુઝ,

મોરબી જિલ્લાના બાળ સંભાળ ગૃહ - ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સ , વિકાસ વિદ્યાલય – મોરબી ખાતે ૧૨ જૂનના રોજ જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્રારા 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોરબી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ખાતે થી District Legal Service Authority- Morbi ( DLSA) સેક્રેટરીશ્રી બિ.એસ ગઢવી દ્વારા ઉપસ્થિત રહી બાળકોને બાળ મજુરી, શિક્ષણનું મહત્વ તથા કાયદાકીય મદદ અંગે વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિકાસ વિદ્યાલય મોરબી ખાતે બાળકોને મળતી તમામ સુવિધાનું નિરિક્ષણ કર્યું હતું. બાળકો વધુ ને વધુ શ્રેષ્ઠ શિક્ષાણ મેળવી આગળ વધવા શુભેચ્છા પાઠવેલ હતી. તથા આ કાર્યક્રમમાં જિલ્લા બાળ સુરક્ષા એકમ તથા વિકાસ વિદ્યાલય મોરબીના કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જન સામાન્યના પ્રશ્નોનો સત્વરે નિકાલ કરીએ - સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

સાંસદ શ્રી મિતેષભાઈ પટેલની ઉપસ્થિતિમાં વાસદ ખાતે સીટી સર્વેનો માર્ગદર્શન કેમ્પ યોજાયો લોકોને તેમના પ્રશ્નોનું ગામમાં જ નિરાકરણ મળી રહે તે માટે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલની સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટની કચેરી, આણંદને કરવામાં આવેલી રજૂઆત થકી વાસદ ગ્રામ પંચાયત ખાતે સીટી સર્વે માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, ગામના લોકોને સીટી સર્વેને લગતા પ્રશ્નોનું ગામમાં જ નિરાકરણ મળી રહે તેમજ ગ્રામજનોના સમય અને શક્તિનો બચાવ થાય તે માટે વહીવટી તંત્રના સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આણંદ જિલ્લામાં આ પ્રકારે યોજનાર આ પ્રથમ કેમ્પ છે, જેના માધ્યમથી ગામના લોકોને મૂંઝવતા પ્રશ્નો અંગે માર્ગદર્શન મળવાની



સાથે અપીલ કરવાની થતી હોય તો તે અંગે પણ માર્ગદર્શન મળશે તેમ જણાવી, ઉપસ્થિત અધિકારીઓને લોકોના પ્રશ્નોનો સત્વરે નિકાલ થાય તે જોવા અનુરોધ કર્યો હતો. આ કેમ્પ અંતર્ગત જે અરજદારોની અરજીનો નિકાલ થયો હતો, તેવા અરજદારોને સાંસદશ્રીના હસ્તે પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી એકતાબેન, સીટી સર્વે કચેરીનો સ્ટાફ, ગામના વહીવટદાર, તલાટી કમ મંત્રી તેમજ અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોમાં યોગ અંગેની જાગૃત્તિ અર્થે યોગ રેલી યોજાઇ

## યોગ રેલી બાદ ગામની શાળામાં યોજાયેલ યોગ કાર્યક્રમમાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓએ યોગ કર્યા

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસની જાગૃત્તિ લાવવાના ઉમદા આશયથી જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા જિલ્લાના વિવિધ ગામોમાં રેલી અને યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૧મી જૂન એટલે વિશ્વ યોગ દિવસ. ચાલું વર્ષે સમગ્ર વિશ્વ સાથે ગાંધીનગરમાં નવમા વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે. એક પૃથ્વી એક સ્વાસ્થ્ય થીમ આધારિત ૯મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થનાર છે. સામાન્ય નાગરિક માત્ર ૨૧મી જૂનના રોજ યોગ ન કરે પણ પોતાની જીવન શૈલીમાં નિયમિત યોગ કરે અને સ્વસ્થ રહે તે પ્રકારનો ઉમદા સંદેશ અને જીવનમાં યોગના મહત્વની માહિતી આપવાના ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમના માર્ગદર્શન હેઠળ યોગ જાગૃત્તિ



કાર્યક્રમનું આયોજન આજરોજ કરવામાં આવ્યું હતું. યોગ દિવસની જાગૃત્તિ અર્થે ગાંધીનગર નજીક આવેલા શાહપુર ગામમાં અને કલોલ તાલુકાના બિલેશ્વરપુરા ગામમાં યોગ જાગૃત્તિ અર્થે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગ્રામજનો અને શાળાના બાળકો દ્વારા સવારના યોગ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બેનર, હોર્ડિંગ્સ અને સૂત્રો થકી બાળકો અને ગ્રામજનોએ સર્વે ગ્રામજનોને યોગથી વાકેફ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો. જીવનમાં યોગ અપનાવવા અપીલ કરી હતી. ત્યારબાદ આ રેલી ગામની શાળામાં પૂર્ણ થઈ હતી. જયાં ગ્રામજનો, શાળાના બાળકો, શિક્ષકો, આંગણવાડીની બહેનો અને આશા બહેનોએ યોગ કર્યા હતા.

# પારડીના ખેરલાવ ગામમાં સાંસદ ડો.કે.સી.પટેલના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો

કમલમ્ ન્યુઝ,વલસાડ

પારડી તાલુકાના ખેરલાવ ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. વલસાડ-ડાંગના સાંસદ ડો. કે.સી.પટેલે ભૂલકાંઓને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે આજ શાળામાંથી પ્રાથમિક શિક્ષણ લઈને આગળનો અભ્યાસ પુરો કરી ડૉકટર થયા ત્યાં સુધીની સંઘર્ષની જુની યાદો તાજી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે જ સાંસદશ્રીએ "શાળા પ્રવેશોત્સવ, સાક્ષરતાનો મહોત્સવ" બની રહે તે માટે સૌને આહવાન કર્યું હતું. પર્યાવરણની જાળવણીના સંદેશ સાથે શાળામાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળી રહે તે માટે



સાંસદશ્રીએ મારૂતિ વાન ગાડીને લીલી ઝંડી આપી હતી. આ દરમિયાન ગામના સરપંચ અને વલસાડ જિલ્લા સંગઠનના યુવા મોરચાના મહામંત્રી મયંક પટેલ અને અગ્રણી ભાણાભાઈ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# યાદગાર ચેરીટેબલ ટ્રસ્ટદ્વારા સ્વ. ભૂપેન્દ્ર મગનલાલ ગાંધી ના સ્મરણાર્થે નિશુલ્ક નોટબુક તથા કીટ વિતરણ



કમલમ્ ન્યુઝ,

તારીખ ૧૫-૬-૨૩ ના રોજ વડલી મુખ્ય શાળા, વડલી પ્રાથમિક શાળા અને વડબારી પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓને સ્વ. ભૂપેન્દ્ર મગનલાલ ગાંધી ના સ્મરણાર્થે યાદગાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્ય ૧૪૦૦ નોટબુક તથા ૯૦ શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવ્યું. છેલ્લા સતત ૯ વર્ષ થી આ સેવા સ્વ. ભુપેન્દ્રભાઈગાંધી ચલાવી રહ્યા હતા સ્વર્ગસ્થ ભુપેન્દ્રભાઈ ગાંધી ના અવસાન બાદ જે સેવા એમના પુત્રોએ અવિરત ચાલુ રાખી. સ્વ. ભુપેન્દ્રભાઈગાંધી ના પુત્ર હિમાંશુ ગાંધી, મિતેષ પંચાલ, જયદીપ પટેલ, અશ્વિન પંચાલ, અમિત પંચાલ, ચિરાગ પંચાલ, સાગર પટેલ, અંકિત પંચાલ તથા વડલી ના અગ્રણી વિનોદ ભાઈ હાજર રહ્યા હતા. અંતે શાળા ના આચાર્ય એ સોનલ મોદી તથા પ્રિતેશ ગાંધી ને યાદ કર્યા હતા અને તમામ નો આભાર વ્યક્ત કરી ભવિષ્ય મા સેવા કીય પ્રવૃત્તિઓ કરતા રહો એવી શુભેચ્છા પાઠવી હતી.

# ડાંગના ૭૧૫ જેટલા આંગણવાડીના ભૂલકાઓએ કુમકુમ પગલાં સાથે બાલવાટિકામાં પ્રવેશ મેળવ્યો



કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

આ વેળા રાજયભરની આંગણવાડીઓમાં ભૂલકાઓના પ્રવેશનો તહેવાર શિક્ષણ સાથે મોજ મસ્તી અને પોષણક્ષમ આહાર સાથે ઉજવાયો હતો. રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવની સાથે સાથે આ વર્ષે પ્રથમ વખત આંગણવાડી પ્રવેશોત્સવની પણ ઉજવણી કરવામાં આવી હતી. ડાંગ જિલ્લામાં ખુબ જ પ્રોત્સાહક વાતાવરણમાં રંગબેરંગી ફુગ્ગાથી શણગારેલી બળદગાડીને બગીની જેમ સજાવી, તેમાં નવા પ્રવેશ પામતા બાળકોને બેસાડી તેમનું સામૈયુ કરી બાલવાટિકામાં દોરી લવાયા હતા. આંગણવાડીની વર્કર બહેનો અને ગ્રામજનો, શિક્ષકો દ્વારા પ્રગતિની પગદંડી માટે આંગણવાડીમાં કુમકુમ, તિલક સહિત થાળીમાં કંકુ લઈ તેમાં ભૂલકાઓના પગલા ઝબોળી, આંગણવાડીમાં પાવન પગલા મંડાવ્યા હતા. પ્રથમ વખત આંગણવાડીઓમાં આવનાર ભૂલકાઓ માટે આઈ.સી.ડી.એસ. ટીમ અને લોક ભાગીદારીથી ક્રેયોન (કલર ), ચિત્રપોથી, અને અન્ય ચીજ વસ્તુઓની ભેટ આપવામાં આવી હતી. વઘઇ તાલુકામાં વર્લ્ડ વિઝન સંસ્થા દ્રારા તાલુકાના તમામ આંગણવાડીમાં પ્રવેશ પામતા બાળકોને ક્રેયોનનું વિતરણ કરવામાં આવ્યું હતુ. જયારે કેટલીક આંગણવાડીઓમાં લોક ભાગીદારીથી વોટર બેગ, સ્કુલ બેગ, કંપાસ બોક્ષ, ટિફિન બોક્ષ વિગેરે વસ્તુઓ આપવામાં આવી હતી. આ આંગણવાડી પ્રવેશોત્સવ દરમ્યાન રાજય કક્ષાએથી ડો.રણજીતકુમાર સિંઘ (IAS ), માનનીય અધિક સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરે સુબીર તાલુકામાં વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. આમ, સમગ્ર જિલ્લામાં પ્રાથમિક શાળા પ્રવેશોત્સવની સાથે આંગણવાડી અને બાલવાટિકાનો શાળા પ્રવેશોત્સવ પણ ઉત્સાહભેર, અનોખી રીતે ખૂબ જ તરવરાટ સાથે ઉજવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ડાંગ જિલ્લામાં આંગણવાડીમાં કુલ ૭૧૫ ભુલકાઓને ઉત્સાહભેર પ્રવેશ કરાવવામાં આવ્યો છે. બાળકો માટે આંગણવાડીનો આ પ્રથમ દિવસ તેમના માટે જીવનભરનું સંભારણુ બની રહેશે.

# નેત્રંગ : ઝઘડીયા વિધાનસભનું સુશાસન ના ૯ વર્ષ નિમિતે યોજ્યું વિરાટ લાભાર્થી સંમેલન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકાસનો આસ્વાદ પોહચ્યો જનજન સુધી







## ભાજપના શાસનમાં દરેક યોજનાનો લાભ છેવાડા ગામો સુધી પહોંચ્યો : સાંસદ મનસુખભાઇ વસાવા

કમલમ્ ન્યુઝ,

નેત્રંગ માંડવી રોડ પર આવેલ ભક્તિધામ સ્વામિનારાયણ મંદિર ખાતે ભારતીય જનતા પાર્ટી ઝઘડીયા વિધાનસભા દ્વારા મહા જનસંપર્ક અભિયાન હેઠળ વિરાટ લાભાર્થી સંમેલન યોજાયું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારને સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષની ઉજવણી અંતર્ગત ઝઘડીયા વિધાનસભાનાધારાસભ્યરિતેશભાઈ વસાવા દ્વારા લાભાર્થી સંમેલનનો કાર્યકમ આયોજિત કરાયો હતો. વર્ષ ૨૦૧૪ થી રાષ્ટ્રની ધૂરા નરેન્દ્ર મોદીએ સંભાળ્યા બાદ સામાજિક, આર્થિક, આરોગ્ય, રક્ષા, સંસ્કૃતિ, વેપાર, ઉધોગ સહિતના તમામ ક્ષેત્રે આવેલા બદલાવની ફલશ્રુતિ ભરૂચ જિલ્લાના સાંસદ મનસુખભાઇ વસાવા, ભરૂચ જિલ્લા પ્રમુખ મારૂતિસિંહ અટોદરિયા, ધારાસભ્ય રિતેશ વસાવા સહિતના દ્વારા રજૂ કરાઈ હતી. અનેક જનકલ્યાણ અને રાષ્ટ્રહિતના નિર્ણય થકી આજે વિશ્વ ભારતને ઉન્નત શિખર પર આદર સાથે સન્માનભેર જોઈ રહ્યું છે ત્યારે દેશ સહિત ગુજરાત રાજ્ય અને ભરૂચ જિલ્લામાં પણ તમામ ક્ષેત્રે વિકાસના કરાયેલા કાર્યો અને તેનાથી લોકોના જીવનમાં આવેલા હકારાત્મક બદલાવો વિવિધ લાભાર્થીઓએ આ તબક્કે તેમના શબ્દોમાં જ રજૂ કર્યા હતા. મહા જનસંપર્ક અભિયાન લાભાર્થી સંમેલનમાં જિલ્લા તેમજ વાલિયા, નેત્રંગ અને ઝઘડીયા તાલુકા સંગઠનના હોદ્દેદારો, ત્રણેય તાલુકાનાં તાલુકા અને જિલ્લા પંચાતના ચૂંટાયેલા સભ્યો તેમજ અન્ય આગેવાનો, પદાધિકારીઓ, અધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં લાભાર્થીઓ જોડાયા હતા.

## આદિવાસી સમાજનું કલ્યાણ એજ ભાજપનો સંકલ્પ : ધારાસભ્ય રિતેશભાઇ વસાવા

